પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૩૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૧-૨૦૨૩ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ત્રણ રાજ્યમાં ચૂંટણી

## ત્રિપુરામાં ભાજપ સામે કોંગ્રેસ અને ડાબેરી પક્ષો એક થઇ ચૂંટણી લડે તેવી સંભાવના

અગરતલા,

ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરીએ થનારી વિધાનસભા ચૂંટણીમાં મતદાન માટે શનિવારથી ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ. ત્રિપુરાની સાથે પૂર્વોતરમાં મેઘાલય અને નાગાલેન્ડમાં પણ ચૂંટણીઓ યોજાવાની છે. ત્રણેય રાજ્યમાં ભાજપસમર્થિત સરકારો છે. તેમાંથી ત્રિપુરા અને મેઘાલયમાં તૃણમૂલ કોંગ્રેસે ચૂંટણીમાં ઝંપલાવતા જંગ ત્રિપાંખિયો થઈ જવાની શક્યતા છે. તૃણમૂલ બંગાળની જેમ અહીં પણ ભાજપ સામે 'બાહરી' કાર્ડ રમી રહી છે. આમ તો ત્રિપુરામાં અત્યાર સુધી કોઈ પણ પક્ષે ઉમેદવાર જાહેર નથી કર્યા.

રાજયની ૬૦ સભ્યની વિધાનસભામાં આદિવાસી સમાજનું વર્ચસ્વ રહ્યું છે, પરંતુ થોડાં વર્ષોમાં બાંગ્લાદેશના શરણાર્થીઓ આવવાથી બંગાળી ભાષીઓની અલગ મતબેંક ઊભી થઈ છે. આ પરિબળો વચ્ચે ૨૦૧૮માં ભાજપે પહેલીવાર આ રાજ્યમાં મોટી જીત મેળવી હતી. તેમાં આદિવાસી મતબેંક મહત્ત્વની હતી. ૧૪ બેઠક ધરાવતી પશ્ચિમ ત્રિપુરા બેઠકમાં ભાજપે ૧૨ બેઠક જીતી હતી.

૧૯૭૮ પછી ત્રિપુરામાં ડાબેરી પક્ષો હાવી છે. દરેક ચૂંટણી સાથે કોંગ્રેસની મતબેંક અને બેઠકો પણ ઘટી



છે. ૨૦૧૩ની ચૂંટણીમાં ડાબેરી મોરચાએ ૫૦ બેઠક જીતી હતી, જ્યારે કોંગ્રેસને દસ બેઠક મળી હતી. ૨૦૧૬માં તેમાંથી છ ધારાસભ્ય તૃણમૂલમાં જોડાઈ ગયા. આ વખતે કોંગ્રેસે ભાજપને હરાવવા તેમના પણ વિરોધી ડાબેરી પક્ષો સાથે ગઠબંધન કર્યું છે, જ્યારે તૃણમૂલ એકલપંડે

### ત્રિપુરામાં ઉમેદવારીપત્ર ભરવાનું શરૂ, તૃણમૂલે 'બહારી' કાર્ડ રમ્યું

લડશે. આ સ્થિતિમાં જંગ ત્રિપાંખિયો થઈ શકે છે.

ભાજપે જે ફોર્મ્યુલાથી ઉત્તરાખંડમાં રિવાજ બદલ્યો હતો, તેવી જ રીતે તે ત્રિપુરામાં મેદાનમાં છે. ૨૦૧૮માં દેવને મુખ્યમંત્રી બનાવ્યા હતા,આ ચૂંટણી પહેલાં માણિક સાહાને મુખ્યમંત્રી બનાવી દીધા. તેમણે સ્થાનિક આદિવાસી સંગઠન ઈન્ડિજિનિયસ પીપલ્સ ફ્રન્ટ ઓફ ત્રિપુરા સાથે ગઠબંધનની જાહેરાત કરી છે. ભાજપ સામે પડકાર એ છે કે આદિવાસી અધિકાર પાર્ટી તેમની વિરુદ્ધ માહોલ બનાવી રહી છે અને કેટલાક નેતાઓ પણ પક્ષ છોડી રહ્યા છે.

અહીં નેશનલ પીપલ્સ પાર્ટીના નેતૃત્વવાળી ગઠબંધન સરકાર છે. મુખ્યમંત્રી કોનરાડ સંગમા છે. ૨૦૧૮માં કોંગ્રેસ ૨૧ બેઠક જીતીને સૌથી મોટો પક્ષ બની હતી. ત્યારે સરકાર બનાવવા ભાજપ સહિત અન્ય પક્ષોએ એનપીપીનું સમર્થન કર્યું હતું. હવે ચૂંટણી પહેલાં સંગમાએ કહ્યું છે કે અમારો પક્ષ એકલાહાથે મેદાનમાં ઉતરશે. બીજી તરફ, કોંગ્રેસમાં શિલોંગ સાંસદ વિન્સેન્ટ એચ. પાલા જ આખા રાજયનો અગ્રણી ચહેરો છે કારણ કે, પૂર્વ મુખ્યમંત્રી મુકુલ સંગમા ૧૨ ધારાસભ્ય સાથે પક્ષ છોડી ચૂક્યા છે.

નાગાલેન્ડ એવું રાજય છે, જ્યાં તમામ પક્ષ સત્તાધારી ગઠબંધન સાથે જોડાયેલા છે. પરંતુ નગા જાતીય સંગઠનોનું વલણ કડક છે. નગા સંગઠનો કહી ચૂક્યાં છે કે જ્યાં સુધી નગા સમસ્યાનો ઉકેલ નહીં આવે, ત્યાં સુધી ચૂંટણીનો બહિષ્કાર કરાશે. ભાજપે રિયોને ૪૦ અને પોતાને ૨૦ બેઠક આપવાનો પ્રસ્તાવ માની લીધો છે. ગઈ ચૂંટણીમાં પણ ભાજપ આ જ ફોર્મ્યુલા પર સંમત થયો હતો. હાલમાં જ ભાજપના ત્રણ જિલ્લા અધ્યક્ષો જેડીયુમાં જોડાઈ ગયા હતા.

## ખેલોમાં ગંદકી : ૧૦ વર્ષમાં એસએઆઈના ૪૫ લોકો ઉપર યૌન ઉત્પીડનના આરોપ લગાવાયા છે

નવીદિલ્હી,

બજરંગ પુનિયા,વિનેશ ફોગાટ અને સાક્ષી મલિક જેવા દેશના મોટા પહેલવાન ભારતીય કુશ્તી મહાસંઘ (ડબ્લ્યુએફઆઈ) અને તેના અધ્યક્ષ બૃજભૂષણ શરણ સિંહની વિરૂધ્ધ અખાડામાં ઉતર્યા છે.તેમના પર મહિલા પહેલવાનોના યૌન ઉત્પીડન કરવાનો આરોપ લગાવી સનસની મચાવી દીધી છે. જો કે ભારતીય ખેલ ઈતિહાસમાં પહેલા પણ યૌન ઉત્પીડનના મામલા સામે આવ્યા છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા(એસએઆઇ)થી જોડાયેલ લોકો પર યૌન ઉત્પીજનના આરોપ લાગ્યા છે.ઈડિયન ઓલંપિક એસોસિએશન(આઈઓએ)ના પૂર્વ કોષાધ્યક્ષ આનંદેશ્વર પાંડે પર રેપનો કેસ થયો હતો.તાજેતરમાં પૂર્વ હોકી ખેલાડી અને હરિયાણા સરકારમાં મંત્રી સંદીપ સિંહ પર એક મહિલા કોચે યૌન કેનિદ્રઉત્પીડનનો આરોપ લગાવ્યો હતો.જુલાઈ ૨૦૨૨માં ઈડિયા અંડર ૧૭ મહિલા ફુટબોલ ટીમના સહાયક કોચ એલેકસ એમ્બ્રોસ પર યુરોપ પ્રવાસ દરમિયાન યૌન દુરાચારના આરોપો બાદ બરતરફ કરવામાં આવ્યા હતાં.અખિલ ભારતીય



ફુટબોલ મહાસંઘે ફરિયાદ દાખલ કરાવવાના બે દિવસ બાદ એમ્બ્રોસને તાકિદે પાછા બોલાવી લેવામાં આવ્યા હતાં.

જયારે જુન ૨૦૨માં એક મહિલા સાયકિલ ચાલકે સ્લોવેનિયા પ્રવાસ પર મુખ્ય કોચ આર કે શર્મા પર યૌન ઉત્પીડન અને દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો હતો તેણે કહ્યુ હતું કે શર્માએ એક જ રૂમમાં રહેવા મજબુર કરી હતી તેના માટે બહાનુ બનાવ્યું હતું કે એક જ રૂમમાં બે લોકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.કેસ દાખલ કર્યા બાદ કોચનો કરાર ખત્મ કરી દેવામાં આવ્યો હતો.જયારે જુલાઇ ૨૦૨૧માં સાત અન્ય મહિલા એથલીટોએ તમિલનાડુના ટ્રેક એન્ડ ફીલ્ડ કોચ પી નાગરાજન પર દુર્વ્યવહારનો ૧૯ વર્ષીય એથલીટે સૌથી પહેલા આરોપ લગાવ્યો હતો

જાન્યુઆરી ૨૦૨૦માં દિલ્હી પોલીસે દક્ષિણ પૂર્વ દિલ્હીના નિજામુદ્દીન ક્ષેત્રમાં એક મહિલા ક્રિકેટરે પોતાના કોચની વિરૂધ્ધ છેડછાડના સંબંધમાં એફઆઈઆર દાખલ કરાવી હતી પૂર્વી દિલ્હીના સાંસદ ગૌતમ ગંભીરે કહ્યું કે યુવતીએ તેમની મદદ માંગી હતી. સપ્ટેમ્બર ૨૦૧૪માં એક મહિલા જિમનાસ્ટે કોચની વિરૂધ્ધ યૌન ઉત્પીડનની ફરિયાદ દાખલ કરાવી હતી જિમ્નાસ્ટરે પોતાના કોચ મનોજ રાણા અને સાથી જિમનાસ્ટ ચંદન પાઠક પર રાજધાનીના ઈન્દિરા ગાંધી ખેલ પરિસરમાં એક પ્રશિક્ષણ શિબિર દરમિયાન અભદ્ર ટીપ્પણી કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

માર્ચ ૨૦૧૧માં તમિલનાડુ સ્ટેટ એમેચ્યોર બોકિંસાંગ એસોસિએશનના સચિવ પર ઉત્પીડન છેડછાડ અને ધમકાવવાનો આરોપ લગાવ્યો હતો એક મહિલા મુક્કેબાજે તેમના પર રાષ્ટ્રીય સ્તરની પ્રતિયોગિતાઓ માટે પસંદગી માટે યૌન સંબંધ બનાવવાનું દબાણ બનાવવાનો આરોપ લગાવ્યો હતો.વર્ષ ૨૦૦૯માં આંધ્ર ક્રિકેટ એસોસિએશન(એસીએ)ના સચિવ પર ટીમમાં સામેલ કરવા માટે યૌન સંબંધ બનાવવાનો દબાણનો આરોપ લગાવ્યો હતો મહિલા ટીમે આંધ્ર ક્રિકેટ એસોસિએશનના સચિવ વી ચામુંડેશ્વરનાથ પર પસંદગી માટે યૌન સંબંધ બનાવવા માટે દબાણ બનાવવાનો આરોપ લગાવ્યો હતો.

ભારતીય ઓલંપિક સંઘ પણ યૌન ઉત્પીડનના આ રીતના મામલાથી બાકાત નથી માર્ચ ૨૦૨૨માં આઈઓએના પૂર્વ કોષાધ્યક્ષ આનંદેશ્વર પાંડે પર મહિલા હેંડબોલ ખેલાડી સીમા શર્માએ રેપનો કેસ દાખલ કરાવ્યો હતો.આ હેંડબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના મહામંત્રી પણ હતાં.

### એક્ટિવિસ્ટે તુર્કિયે દૂતાવાસની બહાર કુરાન સળગાવ્યું

## પોલીસે તેને મંજૂરી અને સુરક્ષા આપી, ઈસ્લામિક દેશોએ ઘટનાને 'હેટ ક્રાઈમ' ગણાવી

સ્ટોકહોમ,

સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં એક દક્ષિણપંથી (જમણેરી) એક્ટિવિસ્ટે તુર્કિયેના દૂતાવાસ પર કુરાન સળગાવ્યું હતું. ત્યાર પછી ત્યાંના મુસ્લિમ સમુદાયના લોકો પ્રદર્શન કરી રહ્યા છે. કુરાન સળગાવનાર વ્યક્તિ રાસ્મસ પાલુદાન લાંબા સમયથી સ્વીડનમાં તેના ઈસ્લામિક વિરોધી નિવેદનો અને પ્રવૃતિઓ માટે જાણીતો છે.



જો કે, આ મામલો મોટો બન્યો કારણ કે આ વખતે પાલુદાને આ કામ પોલીસની પરવાનગી લીધા બાદ કર્યુ હતું. આ માટે તેને પોલીસ સુરક્ષા પણ આપવામાં આવી હતી. મામલો એટલો ગંભીર બની ગયો છે કે કુરાન સળગાવવાની ઘટના બાદ તુર્કિયેના રક્ષા મંત્રીએ પોતાની સ્વીડનની મુલાકાત પણ રદ્દ કરી દીધી છે. નાટો સભ્ય બનવા માટે સ્વીડન માટે આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ હતી.

અલજઝીરાના અહેવાલ મુજબ, રાસ્મસ પાલુદાને ગયા વર્ષે એપ્રિલમાં રમઝાન દરમિયાન જાહેરાત કરી હતી કે તે કુરાન સળગાવવા માટે પ્રવાસ કરશે. જે બાદ શનિવારે એટલે કે ૨૧ જાન્યુઆરીએ પાલુદને તુર્કીયે દૂતાવાસની બહાર કુરાનની કોપી લાઈટર વડે સળગાવી હતી. આ દરમિયાન તેણે ઈસ્લામને લઈને ઘણા વિવાદાસ્પદ નિવેદનો પણ આપ્યા હતા.

કુરાન સળગાવવાના સમયે રાસ્મસના સમર્થનમાં લગભગ ૧૦૦ લોકો ત્યાં હાજર હતા. પાલુદાને કહ્યું કે જો તમને લાગતું હોય કે અભિવ્યક્તિની આઝાદી ન હોવી જોઈએ તો તમારે સ્વીડનમાં ન રહેવું જોઈએ પરંતુ બીજે ક્યાંક જવું જોઈએ.

કુરાન સળગાવવાની ઘટના બાદ તુર્કિયેના વિદેશ મંત્રી મેલ્વુતે કહ્યું કે સ્વીડન રાસમસને કુરાન બાળવાથી રોકવામાં નિષ્ફળ રહ્યું. આ એક જાતિવાદી કૃત્ય છે, તેને અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે કોઈ લેવાદેવા નથી.

જો કે સ્વીડનના વિદેશ મંત્રીએ આ ઘટનાની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે સ્વીડનમાં અભિવ્યક્તિની સંપૂર્ણ સ્વતંત્રતા છે. જો કે, આનો અર્થ એ નથી કે અમે આવી પ્રવૃત્તિઓને સમર્થન આપીએ છીએ.

તુર્કિયે સિવાય ઘણા ઈસ્લામિક દેશોએ કુરાન સળગાવવા સામે વાંધો ઉઠાવ્યો છે. સાઉદી અરેબિયાના વિદેશ મંત્રાલયે એક નિવેદન જારી કરીને સહિષ્ણુતા અને નફરતનો અંત લાવવાની હાકલ કરી છે. તે જ સમયે, તુર્કિયેની રાજધાની અંકારામાં, ઘણા લોકો સ્વીડિશ દૂતાવાસની સામે એકઠા થયા હતા અને સ્વીડિશ ધ્વજ સળગાવ્યો હતો.

## ભારતમાં પ્રથમ કોવિડ નેઝલ વેક્સિન તૈયાર, ૧ ડૉઝની કિંમત રુ.૩૨૫ , ૨૬ જાન્યુ.થી અપાશે


નવીદિલ્હી,

કોરોનાએ સમગ્ર દુનિયામાં હાહાકાર મચાવ્યો હતો જેનાથી દરેક વ્યક્તિ વાકેફ હતી. એવામાં કોરોના વિરુદ્ધ વેક્સિનને જ સૌથી મહત્ત્વપૂર્ણ હથિયાર મનાઈ હતી. હવે ભારત બાયોટેક દ્વારા દેશમાં જ વિકસાવાયેલ પ્રથમ ઈન્ટ્રાનેઝલ કોવિડ-૧૯ વેક્સિન iNCOVACC ૨૬ જાન્યુઆરીથી લોકોને આપવાની શરૂઆત કરાશે.

કંપનીના અધ્યક્ષ અને એમડી કૃષ્ણા ઈલ્લાએ આ મામલે માહિતી શેર કરી હતી. ભોપાલમાં આયોજિત આઈઆઈએસએફમાં વિદ્યાર્થીઓ સાથેના સંવદામાં ઈલ્લાએ કહ્યું કે ઢોર-ઢાંખરને થઈ રહેલા ચામડીના રોગ લમ્પી માટે પણ દેશમાં જ વિકસાવાયેલ વેક્સિન લમ્પી પ્રોવેકઈંડને આગામી મહિનેથી આપવાની શરૂઆત કરાશે.

મૌલાના આઝાદ નેશનલ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટમાં આયોજિત આઈઆઈએસએફના વિજ્ઞાનમાં ફેસ ટૂ ફેસ વિથ ન્યૂ ફ્રન્ટીયર કાર્યક્રમમાં તેમણે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં માહિતી આપતા ઈલ્લાએ કહ્યું કે અમારી નેઝલ વેક્સિન જેને નાક વડે આપી શકાશે તેને સત્તાવાર રીતે દેશના ૨૬માં પ્રજાસત્તાક દિવસ પર લોન્ચ કરાશે. ભારત બાયોટેકે ગત વર્ષે ડિસેમ્બરમાં જાહેરાત કરી હતી કે ઈન્ટ્રાનેઝલ વેક્સિનનો એક ડૉઝ ૩૨૫ રૂ.માં વેચવામાં આવશે. જોકે ખાનગી હોસ્પિટલ કે વેક્સિનેશન સેન્ટર માટે તેની કિંમત પ્રતિ ડૉઝ ૮૦૦ રૂ. રહેશે.

## ઉત્તરાખંડમાં અનુભવાયા ભૂકંપના આંચકા, રિક્ટર સ્કેલ પર નોંધાઈ ૩.૮ની તીવ્રતા



દહેરાદુન,

ઉત્તરાખંડમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ માપવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર પિથોરાગઢની નજીક જણાવવામાં આવી રહ્યું છે. રવિવારે સવારે લગભગ ૯:૦૦ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજીના જણાવ્યા પ્રમાણે રવિવારે સવારે લગભગ ૯:૦૦ વાગ્યે પિથોરાગઢથી ૧૦ કિમી દૂર ૨૩ કિમીની ઊંડાઈએ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૩.૮ માપવામાં આવી હતી. હાલ કોઈ પણ પ્રકારના નુકસાન અંગે કોઈ માહિતી નથી મળી.


આ અગાઉ ૯ નવેમ્બર ૨૦૨૨ના રોજ પિથોરાગઢમાં ૪.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર બિંદુ નેપાળની સરહદ નજીક ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાથી ૯૦ કિમી દક્ષિણ પૂર્વમાં હતું. તમને જણાવી દઈએ કે ઉત્તરાખંડના ઉત્તરકાશી અને પિથોરાગઢનો વિસ્તાર ભૂકંપની દૃષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે.

## આગામી દિવસોમાં પવન ફુંકાવાને કારણે ઠંડીનો ચમકારો વધશે

અમદાવાદ,

રાજ્યમાં ઠંડીને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. જે મુજબ આગામી દિવસોમાં ઠંડા પવન ફુંકાવાને કારણે ઠંડીનો ચમકારો વધશે. આગામી પાંચ દિવસ રાજ્યમાં સૂકું વાતાવરણ રહેશે.

રાજ્યમાં આગામી દિવસોમાં ફરી લોકોને ઠંડીનો સામનો કરવો પડશે. ફરી રાજ્યમાં બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધી શકે છે. રાજ્યમાં ઠંડીને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. જે મુજબ આગામી દિવસોમાં પવન ફુંકાવાને કારણે ઠંડીનો ચમકારો વધશે. આગામી પાંચ દિવસ રાજ્યમાં સૂકું



વાતાવરણ રહેશે. પરંતુ રાજસ્થાનમાં સાઈકલોનિક સર્ક્યુલેશન સક્રિય થતા ગુજરાતમાં ઠંડીની અસર જોવા મળશે. તો આ તરફ ઉત્તરભારતના અનેક રાજ્યોમાં મૌસમ ફરી પોતાનો મિજાજ બદલશે. ઠંડીને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે.જે મુજબ આગામી ત્રણ દિવસમાં ઉત્તરભારતના અનેક રાજ્યોમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. ૨૪ અને ૨૫ જાન્યઆરીએ અનેક રાજ્યોમાં વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.વરસાદને પગલે દિલ્લી અને ઉત્તરભારતમાં ઠંડી વધે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાતમાં ઠંડીના વધુ એક રાઉન્ડનો પ્રારંભ થઈ ગયો છે અને ૯ શહેરમાં સરેરાશ લઘુતમ તાપમાનનો પારો ૧૧ ડિગ્રીથી નીચે નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી ૩-૪ દિવસ સરેરાશ લઘુતમ તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહિવત્ છે.

| | |
|---|---|
| દાહોદ | ૮.૮ |
| ગાંધીનગર | ૯.૮ |
| નલિયા | ૯.૮ |
| પાટણ | ૧૦.૧ |
| અમરેલી | ૧૦.૪ |
| ભૂજ | ૧૦.૭ |
| અમદાવાદ | ૧૦.૮ |
| ડીસા | ૧૧.૧ |
| રાજકોટ | ૧૧.૨ |
| કંડલા | ૧૨.૫ |
| પોરબંદર | ૧૩.૦ |
| વડોદરા | ૧૪.૦ |
| ભાવનગર | ૧૪.૧ |
| સુરત | ૧૫.૬ |
| જુનાગઢ | ૧૭.૪ |

### મધ્ય પ્રદેશ કોંગ્રેસે હિંદુત્વની રાહમાં મોટું પગલું

## કોંગ્રેસના ધર્મ તેમજ ઉત્સવ પ્રકોષ્ઠના બેનર હેઠળ ઘણા ધાર્મિક આયોજનો કરવામાં આવશે

ભોપાલ,

મધ્ય પ્રદેશ કોંગ્રેસે હિંદુત્વની રાહમાં મોટું પગલું લીધુ. સંસ્કારધાની જબલપુરમાં મધ્ય પ્રદેશ કોંગ્રેસના ધર્મ તેમજ ઉત્સવ પ્રકોષ્ઠના બેનર હેઠળ ઘણા ધાર્મિક આયોજનો કરવામાં આવશે. તેનું ઉદ્‌ઘાટન પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે કર્યું. તેમણે મા નર્મદાનું પૂજન, ભગવાન શિવનો અભિષેક અને ગૌ પૂજનની સાથે આ ધાર્મિક અભિયાનની શરૂઆત કરી. તેમણે આ સાથે જ એ ઈશારો પણ કરી દીધો કે, વર્ષ ૨૦૨૩માં કોંગ્રેસ ધર્મના આધાર પર ચૂંટણી લડી શકે છે. આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા પર પણ આકરા શાબ્દિક પ્રહારો કર્યા. પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કમલનાથ જબલપુરના બરગી વિધાનસભા સ્થિત નાદિયા ઘાટ પહોંચ્યા. તેમણે અહીં ધાર્મિક અનુષ્ઠાનોમાં ભાગ લીધો. તેમણે નાદિયા ઘાટમાં ૨૧ ફૂટ ઊંચા નંદીશ્વર શિવલિંગનું ભૂમિ પૂજન અને હવન કર્યો. ત્યારબાદ તેઓ યાત્રામાં સામેલ થઈ ગયા. તેમણે અહીં મીડિયા સાથે વાતચીત પણ કરી. તેમણે કહ્યુ કે, ધર્મનો ઠેકો માત્ર ભાજપે નથી લઈ રાખ્યો. કોંગ્રેસ ધાર્મિક આયોજન ખૂબ જ પહેલાથી કરતી આવી રહી છે. પરંતુ, ક્યારેય તેની પબ્લિસિટી નથી કરતી.

તેમણે કહ્યું કે, મેં સૌથી મોટા હનુમાન મંદિરનું નિર્માણ પણ કરાવ્યું છે પરંતુ, તેનો પ્રચાર નથી કર્યો. ભાજપ માત્ર ધર્મના આધાર પર રાજકારણ કરવા માંગે છે. બીજી તરફ, પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા માટે કરવામાં આવેલા ટ્વીટ અને તેના પર સિંધિયાના જવાબ પર ફરી એકવાર પલટવાટ કર્યો. તેમણે કહ્યું કે, હવે કોંગ્રેસને તોપોની કોઈ જરૂર નથી. જનતા તેમની જ ૧૫ મહિનાની સરકારને યાદ કરી રહી છે. એટલું જ નહીં, પૂર્વ ઝર કમલનાથે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પર પણ તીખો હુમલો કર્યો. તેમણે કહ્યું કે, ચૂંટણીના સાત મહિના પહેલા મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મહાકૌશલ યાદ આવી રહ્યા છે. આ બધુ માત્ર ચૂંટણી નાટક છે. ત્યાં સુધી કે ભાજપની વિકાસ યાત્રા પણ ફ્રોડ યાત્રા છે. કમલનાથે સરકાર પર સવાલ ઊભા કરતા કહ્યું કે, છેલ્લાં સાત મહિનાથી ભાજપ જનતાને ગુમરાહ કરીને આખરે શું કરવા ઈચ્છે છે. કોંગ્રેસે 'નવું વર્ષ નવી સરકાર'ના નારા સાથે રાજકીય વર્ષ ૨૦૨૩નો આગાઝ કર્યો.

## ચીનને ભારતની તાકાત સારી રીતે ખબર છે, ૨૦૪૭ સુધીમાં ભારત વિશ્વની ટોપ ઈકોનોમી બનશે

લખનૌ,

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ પહોંચેલા ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાડોશી દેશ પાકિસ્તાનની આર્થિક કંગાળી પર કહ્યું કે, પછી પાકિસ્તાન ઓક્યૂપાઈડ કાશ્મીર હોય કે પાકિસ્તાન હોય ત્યાંની જનતા સુખી રહે, અમે હંમેશાં એ જ કામના કરીશું કેમ કે ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જેણે ભારતની સીમામાં રહેતા લોકોને પોતાના જ પરિવારના સભ્ય માન્યા છે, પરંતુ આખા વિશ્વની પટલ પર રહેનારા લોકોને પરિવારના સભ્ય માનતા વસુધૈવ કુટુંબકમ એ સંદેશ આપનારો ભારત છે.

તેની સાથે જ રક્ષા મંત્રી રાજનાથ સિંહે કામના કરી કે કરવામાં દ્ધ હોય કે પાકિસ્તાન હોય કોઈ સંકટમાં ન રહે, બધા સુખી થાય. કોઈ ભૂખથી, તરસથી દમ તોડી ન દે, એવી સ્થિતિ ઉત્પન્ન ન થઈ શકે એ જ અમે કામના કરીશું. તેની સાથે જ ચીનના વારંવાર ભારતને આંખ દેખાડવાના સવાલ પર તેમણે કહ્યું કે, તેને ભારતની તાકાત સારી રીતે ખબર છે. મારે આ સંબંધમાં કોઈ ટિપ્પણી કરવાની જરૂરિયાત નથી. ભારત આજે દુનિયાની ટોપ-૫ અર્થવ્યવસ્થામાં પહોંચી ચૂક્યું છે.

અર્થવ્યવસ્થાના જાણકાર એ માનવા લાગ્યા છે કે વર્ષ ૨૦૨૭ સુધી ભારત દુનિયાના ટોપ-૩ અર્થવ્યવસ્થા બની જશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે પ્રકારે દેશ આગળ વધી રહ્યો છે, વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત વિશ્વની ટોપ અર્થવ્યવસ્થા બની જશે. ઉલ્લેખનીય છે કે રાજનાથ સિંહે પ્રયાગરાજમાં પશ્ચિમ બંગાળના પૂર્વ ગવર્નર દિવંગત કેશરી નાથ ત્રિપાઠીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, પંડિત કેશરી ત્રિપાઠીને હું મોટા ભાઈના રૂપમાં જોતો હતો. તેમની યોગ્યતા અને પ્રતિભા ક્ષમાતાથી આખો દેશ સારી રીતે પરિચિત છે અને તેમના નિધનથી આખા દેશમાં અપૂર્ણિય ક્ષતિ થઈ છે.

રાજનાથ સિંહ પૂર્વ રાજ્યપાલ કેશરીનાથના બેસણામાં ભાગ લેવા માટે પ્રયાગરાજ પહોંચ્યા હતા. રાજનાથ સિંહ લગભગ એક કલાક સુધી લોહિયા માર્ગ સ્થિતિ પૂર્વ રાજ્યપાલના આવાસ પર રહ્યા હતા. તેમણે કેશરીનાથન ફોટો પર પુષ્પ અર્પિત કર્યા બાદ તેમના પુત્ર નીરજ ત્રિપાઠી, પુત્ર વધુ કવિતા યાદવ ત્રિપાઠીને મળીને તેમનું મનોબળ વધાર્યુ. રાજનાથ સિંહે કેશરીનાથ ત્રિપાઠી સાથે વિતાવેલી પોતાની પળોને યાદ કરી. સેનાના વિમાનથી પ્રયાગરાજ પહોંચ્યા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા તાલુકાના કલ્પેશ રાયજીભાઈ માછીને પોકસો હેઠળ ૨૦ વર્ષ કેદની સજા

મલેકપુર, ૧૫ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જનાર લુણાવાડા તાલુકાના કુંડા ગામના આરોપી કલ્પેશ રાયજીભાઈ માછીને પોકસો હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા.

મહીસાગર લુણાવાડાના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો કેસ ચાલી જતા ઈ.પી.કો. કલમ તેમજ પોકસો એક્ટ હેઠળ ગુનામાં તકસીરવાન ઠરાવીને લુણાવાડા તાલુકાના કુંડા ગામના આરોપી કલ્પેશ રાયજીભાઈ માછીને પોકસો હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા ત્રણ લાખ રૂપિયા વળતરનો હુકમ.

લુણાવાડા તાલુકાના કુંડા ગામના આરોપી કલ્પેશ રાયજીભાઈ માછી વિરૂદ્ધ કોઠંબા પોલીસ મથકે પોકસો એક્ટ તેમજ ઈ.પી.કો. કલમ મુજબ ગુનો નોંધાયા બાદ મહીસાગરના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ શરૂ થયો હતો. આરોપી વિરૂધ્ધ કેસ ચાલી જતા અને સરકાર તરફે સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની ધારદાર દલીલોને ગ્રાહય રાખી સ્પે.પોકસો જજ અને એડીશનલ સેશન્સ જજ મમતાબેન એમ. પટેલે આવા ગુન્હાઓ અટકાવવા સારૂ સમાજમાં દાખલો બેસે તેવો ચુકાદો આપ્યો હતો અને કોર્ટે પોકસો એક્ટ અને ઈ.પી.કો. કલમ હેઠળ લુણાવાડા તાલુકાના કુંડા ગામના આરોપી કલ્પેશ રાયજીભાઈ માછી ને પોકસો હેઠળ ૨૦ વર્ષની સખત કેદની સજા અને ભોગ બનનારને ત્રણ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

# સંતરામપુર તાલુકાના વસંત ઉર્ફે વિષ્ણુ પુનાભાઈ ચૌહાણને પોકસો હેઠળ ૧૦ વર્ષની સખત કેદની સજા

મલેકપુર, ૧૭ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી જનારને સંતરામપુર તાલુકાના હિરાપુર ગામના આરોપી વસંત ઉર્ફે વિષ્ણુ પુનાભાઈ ચૌહાણ ને પોકસો હેઠળ ૧૦ વર્ષની સખત કેદની સજા.

મહીસાગર લુણાવાડાના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો કેસ ચાલી જતા ઈ.પી.કો. કલમ તેમજ પોકસો એક્ટ હેઠળ ગુનામાં તકસીરવાન ઠરાવીને સંતરામપુર તાલુકાના હિરાપુર ગામના આરોપી વસંત ઉર્ફે વિષ્ણુ પુનાભાઈ ચૌહાણને પોકસો હેઠળ ૧૦ વર્ષની સખત કેદની સજા ત્રણ લાખનું વળતર નો હુકમ.

સંતરામપુર તાલુકાના હિરાપુર ગામના આરોપી વસંત ઉર્ફે વિષ્ણુ પુનાભાઈ ચૌહાણ વિરૂદ્ધ સંતરામપર પોલીસ મથકે પોકસો એક્ટ તેમજ ઈ.પી.કો. કલમ મુજબ ગુનો નોંધાયા બાદ મહીસાગરના એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ શરૂ થયો હતો. આરોપી વિરૂધ્ધ કેસ ચાલી જતા અને સરકાર તરફે સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની ધારદાર દલીલોને ગ્રાહય રાખી સ્પે.પોકસો જજ અને એડીશનલ સેશન્સ જજ મમતાબેન એમ. પટેલે આવા ગુન્હાઓ અટકાવવા સારૂ સમાજમાં દાખલો બેસે તેવો ચુકાદો આપ્યો હતો અને કોર્ટે પોકસો એક્ટ અને ઈ.પી.કો. કલમ હેઠળ આરોપી વસંત ઉર્ફે વિષ્ણુ પુનાભાઈ ચૌહાણને પોકસો હેઠળ ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગ બનનાર ને ત્રણ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

# ઝાલોદ શહેરમાં આદિવાસી સોસાયટીની પ્રાથમિક શાળામાં અનેક સુવિધાઓથી વંચિત





તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ, ઝાલોદ શહેરમાં આવેલ આદિવાસી સોસાયટી પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાન ભોજન તો મળે છે પણ ભોજન કરવાં માટે બેઠક વ્યવસ્થા કે ઓરડા ન હોવાને કારણે શાળાનાં બાળકોને ભોજન કરવાં માટે જ્યાંત્યાં બેસવાનો વારો આવ્યો.

ઝાલોદ શહેરમાં આવેલ સાઈ મંદિર પાછળના ભાગે આવેલ આદિવાસી સોસાયટી પ્રાથમિક શાળા છે જેમાં એક થી આઠ સુધીના બાળકો અભ્યાસ કરે છે આ શાળામાં કુલ ૨૭૮ થી વધુ બાળકો અભ્યાસ કરે છે ત્યારે આ શાળા રહેણાંક વિસ્તારમાં આવેલ છે તેનાં કારણે આજુબાજુનાં લોકો દ્વારા અનેકવાર શાળાના પ્રિન્સીપાલને મૌખિક રજૂઆત કરી હતી કે શાળાની ચારે બાજુ ફરતો કોટ ન હોવાથી ચારે બાજું ગંદકી થતી હોય છે જેનાં કારણે શાળાનાં બાળકોનાં સ્વાસ્થ્ય અને શિક્ષણ પર વિપરીત અસર પડે છે.

ઝાલોદ શહેરમાં આવેલ સાઈ મંદિર પાછળના ભાગે આવેલ આદિવાસી સોસાયટી પ્રાથમિક શાળામાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે મધ્યાન ભોજન બનાવવા માટેનો નવો ઓરડો કિચન રૂમ, શાળાનાં બાળકોને બેસીને જમવા માટે કિચન સેડ તેમજ બાળકોને પ્રાર્થનાં માટે સભાખંડ નો પણ અભાવ અને પાણીની સુવિધા માટે બોર મોટર ન હોવાથી પાલિકાના નળ આવતા હોય ત્યારે શાળામાં મુકવામાં આવેલ પાણીની ટાંકી ભરાતી હોય છે ત્યારેજ શાળાના બાળકોને પીવાંનું પાણી મળતું હોય છે અનેકવાર તો પાલિકાના નળ ન આવતાં બાળકો પાણી વગર રહેવું પડે તેવી સ્થિતિ પણ સર્જાઈ છે જેથી શાળામાં અભ્યાસ કરતા બાળકોને પોતાના ઘરેથી પાણી લાવવા માટે મજબૂર બન્યાં છે ત્યારે શાળામાં બનતું મધ્યાહન ભોજનના વાસણો ધોવાતા પાણી નો કોઈ પણ નિકાળ નથી જેથી પાણી આજુબાજુનાં ખાડામાં જતું હોય છે જેથી રોગચાળો ફાટી નીકળે તેવી સ્થિતિ સર્જાતી હોય છે.

ઝાલોદ શહેરમાં આવેલ આદિવાસી સોસાયટી પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ દ્વારા અનેકવાર તાલુકા કક્ષાએ અને જીલ્લા કક્ષાએ રજૂઆત કરવા છતાં પણ અધિકારીઓ દ્વારા આંખ આડા કાન કરતા હોય તેવું લાગે છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા મોટી મોટી વાતો કરેછે કે બાળકો દેશનું ભવિષ્ય છે ત્યારે ઝાલોદ શહેરમાં આવેલ સાઈ મંદિર પાછળના ભાગે આવેલ આદિવાસી સોસાયટી પ્રાથમિક શાળામાં અનેક બાળકો અનેક સુવિધાઓથી વંચિત કેમ.?

ઝાલોદ શહેરમાં આવેલ સાઈ મંદિર પાછળના ભાગે આવેલ આદિવાસી સોસાયટી પ્રાથમિક શાળાના પ્રિન્સીપાલ દ્વારા બાળકોના શ્વાસ અને ભવિષ્યનું ચિન્તા કરતા જણાવ્યું કે શાળામાં અનેક પ્રાથમિક સુવિધાઓ સત્વરે પુરી કરવા માટે જવાબદાર અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરી છે હવે જોવાનું રહ્યું કે સરકારી અધિકારીઓ દ્વારા આ શાળામાં પ્રાથમિક સુવિધાઓ પુરી પાડશે ખરી તેતો જોવાનું રહ્યું. આમ આખાં દાહોદ જિલ્લામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજિત ‘‘જૈન ધર્મ અને સમરસતા’’ વિષય ઉપર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંતરામપુર થી જૈનધર્મ ના ઉપાસક નિમેશભાઈ ગાંધી અને સુમતિભાઈ ગડીયા ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ જૈન ધર્મના ૨૪ તીર્થંકર અને મહાવીર સ્વામીના જીવન અને ઉદ્દેશ્યો તથા કર્મના સિદ્ધાંત વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડાૅ.અભય પરમાર, નેક કો.ઓર્ડીનેટર પ્રો.દેવરાજ નંદા, પ્રો.આઈ. એલ.રાઠવા, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો.પારૂલ દાણી, ઉપસ્થિત રહ્યા હતા. અને પ્રસંગ અનુરૂપ ઉદ્બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાૅ.કામિની દશોરા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ડાૅ.પંકજ ચૌધરી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.**

# ગરબાડા-દાહોદ નેશનલ હાઈવે પર મોટી ખરજ નજીક ફોરવીલર અને બાઈક વચ્ચે અકસ્માત : એકનું મોત

દાહોદ, રાજ્ય સરકાર દ્વારા એક તરફ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. સાથે-સાથે ટ્રાફિકના નિયમો અંગે સ્થાનિક પોલીસ તેમજ આરટીઓ દ્વારા ઠેર-ઠેર જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જોકે દાહોદ જિલ્લામાં માર્ગ અકસ્માતોની વણથંબી વણઝાર અટકવાનું નામ લેતી નથી. ગરબાડા અલીરાજપુર હાઈવે પર અવારનવાર બનતા અકસ્માતો ને બનાવોને લઈને આ હાઈવે માર્ગ અકસ્માતના બનાવોનું એપી સેન્ટર બની ગયું છે. વાહન ચાલકોની ગફલત તેમજ પૂર ઝડપના કારણે આ હાઈવે પર દિન પ્રતિદિન માર્ગ અકસ્માતના બનાવોએ માઝા મૂકી છે ત્યારે આજે પુનઃગરબાડા દાહોદ નેશનલ હાઈવે પર મોટી ખરજ ગામે ફોરવીલર અને ટુ-વ્હીલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ફોરવીલરની ટક્કરે બાઈક પર સવાર બે લોકો ને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેમાં એક ઈસમને પગના ભાગે ફ્રેક્ચર તથા તેઓને તાત્કાલિક ૧૦૮ ની મદદથી દાહોદ ઝાયડ્સ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા ત્યારે એકનું ઘટના સ્થળે કમકમાટી ભરી મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસ ઘટના સ્થળે પહોંચી અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગરબાડા અલીરાજપુર હાઈવે પર માર્ગ અકસ્માતોને રોકવા માટે સ્થાનિક પોલીસ દ્વારા બેરીકેટિંગ કરી અત્રેથી પસાર થતા વાહન ચાલકોને અવરનેસના કાર્યક્રમો કરવામાં આવે તેવી લાગણી તેમજ માંગણી પંથકવાસીઓમાં ઉઠવા પામી છે.

# ગરબાડા તાલુકાના ગુલબાર ખાતેથી પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ઈંગ્લિશ દારૂ સાથે બે ઈસમો ઝડપાયા

દાહોદ, ગરબાડા પોલીસ પેટ્રોલિંગમાં નીકળેલી હતી તે દરમિયાન ગુલબાર ખાતે પાટીયા ફળિયા ચોકડી ઉપર પોલીસ ચેકિંગ દરમિયાન એમ.પી.ના ભાડાખેડા તરફથી એક મોટરસાયકલ ઉપર બે ઈસમ મીણિયા થેલીમાં શંકાસ્પદ ચીજ વસ્તુઓ લાગતા તેને ઉભા રખાવી થેલો ચેક કરતા ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂ ભરેલો મળી આવતા તેઓને પકડી પાડી નામ ઠેકાણું પૂછતા કમલેશભાઈ જાગુભાઈ મેડા રહે માંડલી રાણાપુર તથા અદ્લુભાઈ જુમાભાઈ મેડા રહે માંડલી રાણાપુર મધ્યપ્રદેશનું હોવાનું જાણવા મળ્યું હતું તેઓ પાસેથી દારૂની હેરાફેરી કરવા ઉપયોગમાં લીધેલ મોટરસાયકલ નંબર એમપી ૪૫ એમ એસ ૮૦૩૦ તથા ભારતીય બનાવટ નો ઈંગ્લિશ દારૂ દેખ બેગ પાઈપર ડીલક્ષ વીસ્કી નંગ ૧૪ કિંમત રૂપિયા ૮૫૮૨ તથા મોટરસાયકલની કિંમત રૂપિયા ૩૦૦૦૦ મળી કુલ ૩૮,૫૮૨ નો મુદ્દા માલ ગરબાડા પોલીસે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદમાં પાર્કિગની સુવિધાના અભાવે પાલીકાના શોપિંગ સેન્ટરો આગળથી વાહનો ટોઈંગ કરાતા રોષ

દાહોદ, દાહોદ શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા આડેધડ પાર્ક કરવામાં આવતાં વાહનોને ટોઈંગ કરી દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે પરંતુ દાહોદ શહેરમાં પાર્કિંગની અવ્યવસ્થાના કારણે વાહન ચાલકોને પણ વાહન ક્યાં પાર્ક કરવું તેની મુંઝવણ સતાવી રહી અને બીજી તરફ વાહન ચાલકો રસ્તાની સાઈડમાં વાહન પાર્ક કરી ખરીદી કરવા જતા ટ્રાફિક પોલીસ દ્વારા આવા વાહનોને પણ ટોઈંગ કરી લઈ જતાં વાહન ચાલકોમાં ભારે આક્રોશ ફેલાવા પામ્યાં છે. ત્યારે બીજી તરફ શહેરમાં સાકડા રસ્તાઓ તેમજ નગર પાલીકાના શોપિંગ સેન્ટરોમાં પાર્કીંગની સુવીધા ઉપલબ્ધ ન હોવાથી પાડાના વાંકે પખાલીને ડામ જેવી પરિસ્થિતીએ નિર્માણ લીધું છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પાલીકા દ્વારા રસ્તાઓ પર પર્કીંગ માટે પટ્ટા દોરવાની કામગીરી ન કરતા વાહન ચાલકો પણ પોતાનું વાહન ક્યા પાર્ક કરવુ તે અંગે અસમંજસતા અનુભવી રહ્યા છે દાહોદ શહેરમાં સૌથી મોટી સમસ્યાએ ટ્રાફિકની છે. ટ્રાફિકનું ભારણ ઓછુ કરવા દાહોદ ટ્રાફિક પોલીસ દ્વારા સીગ્નલ પણ ચાલુ કરી દેવામાં આવ્યાં છે તેની સાથે સાથે આડેધડ પાર્ક કરાતાં વાહનોને ટોઈંગ કરી વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે દાહોદ શહેરમાં પાર્કિંગના અભાવે લોકો મુંઝવણમાં મુકાયા છે. વાહનો પાર્ક કરવા માટે દાહોદ શહેરમાં સુવ્યવસ્થ પાર્કિંગની વ્યવસ્થા પણ નથી જેને પગલે વાહન ચાલકોને રસ્તાની સાઈડમાં ગમે ત્યાં પોતાના વાહનો પાર્ક કરવાની ફરજ પડી રહી છે ત્યારે કોઈ વાહન માલિક દ્વારા જો રસ્તાની સાઈડમાં આવેલ વાઈટ પટ્ટાની બહાર થોડુ પણ પોતાનું વાહન પાર્ક કરી દે તો ટ્રાફિક પોલીસ દ્વારા આવા વાહનોને પણ ટોઈંગ કરી વાહન ચાલક સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે જેને પગલે વાહન માલિકોમાં ભારે આક્રોશ ફેલાવા પામ્યો છે. દાહોદ શહેરમાં પાર્કિંગની સુવિધા પુરી પાડવામાં આવે તેવી લાગણી અને માંગણી શહેરવાસીઆમાં ઉઠવા પામી છે.

## આપની આજ.......

મેષ : આજે તમે પ્રસન્ન રહેશો. ઘર હોય કે ઓફિસ આજે દરેક સ્થળે તમે આરામદાયક અને વૈભવી વાતાવરણનો લાભ ઉઠાવશો. ધનપ્રાપ્તિથી આજે સંતોષ અનુભવશો. સંધ્યાકાળે પરિવાર અને મિત્રો માટે ઉદાર વર્તન રાખશો.

વૃષભ : આજે તમારા જીવનમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન આવી શકે છે. બની શકે છે કે એના લીધે જીવનમાં કપરો સમય આવે, પરંતુ યાદ રાખજો દરેક રાતનો દિવસ ઉગે છે. આથી ધીરજ રાખજો અને સહજતાથી આગળ વધજો.

મિથુન : આજે આશાઓ પૂરી ના થતાં બેચેની રહી શકે છે. અંગત સંબંધોમાં પણ વિખવાદ ઉભો થઈ શકે છે. આજે એક વાતની સ્વીકારી લેજો કે જીવનમાં જ્યારે પણ તમને જરુર પડશે ત્યારે પારિવારિક સંબંધો મો ફેરવી લેશે.

કર્ક : સહકર્મચારીઓના સહયોગથી આજે તમે કોઈ મોટુ કામ સફળતાથી પાર પાડી શકશો. આ સિવાય આજે કોઈ વરિષ્ઠ વ્યક્તિના સામેલ થવાથી લાંબા સમયથી ચાલતો પારિવારિક વિવાદનો અંત આવી શકે છે.

સિંહ : આજે આરોગ્ય બાબતે સાવચેતી રાખજો અને અનિયમિત ભોજન પર અંકુશ રાખજો. ધ્યાનમાં રાખજો કે કોઈપણ વસ્તુની અતિશિયોક્તિ નુકસાન કરી શકે છે.

કન્યા : આજે અંગત સંબંધ પ્રેમભર્યો અને સહયોગવાળો રહેશે. આરોગ્ય સારું રહેવાથી અલગ-અલગ કાર્યોમાં સક્રિયતાથી ભાગ લઈ શકશો. પાર્ટનર સાથે મળીને તમે સંસાધનો ભેગા કરવામાં સફળ રહેશો.

તુલા : આજે તમે મહત્વની કોઈ યોજના શરુ કરશો. યોજના સફળતાથી પૂર્ણ થતાં એકાદ વર્ષનો લાંબો સમય લાગી શકે છે. આ સમય દરમિયાન તણાવથી દૂર રહીને કામ પર ધ્યાન આપજો.

વૃશ્ચિક : આજે ત્રિકોણીય વ્યાપારી ભાગીદારી કે સંબંધોથી લાભ મળી શકે છે, પરંતુ અંગત સંબંધોમાં ત્રિકોણીય સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

ધન : આજે તમારું ભાગ્ય મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના તમામ ક્ષેત્રોમાં તમે પ્રગતિની દિશા પર આગળ વધશો. તમારા કામને લઈને મહત્વના નિર્ણયો અને પેમેન્ટ મળ્યા પછી વ્યવસાયમાં આગળ વધશો.

મકર : આજે સ્વાસ્થ અને નાણાંકીય બાબતે ખાસ ધ્યાન રાખવાની જરુર છે. બીજા લોકોના કામ માટે વધારે પડતી શક્તિ કે ઉર્જાનો વ્યય ના કરશો, કારણ કે આવા લોકો એક પછી એક મદદ માંગતા જ રહેશે.

કુંભ : આજે શારીરિક કે માનસિક રીતે હેરાન હોવા છતાંય તમે જે કામ સાહસ સાથે કરશો એમાં સફળતા મેળવશો. ઓફિસ અને ઘરે સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે. બપોર પછી પરિસ્થિતિઓ સુધરતી જોવા મળશે.

મીન : જીવનના ખરાબ અનુભવોથી શીખ લેજો. ભૂતકાળ ભૂલીને વર્તમાનમાં આગળ વધજો. આજે કામના સ્થળે અણધાર્યા ફેરફાર થવાની સંભાવના રહેલી છે. જે તમારા માટે શુભ સાબિત થઈ શક છે.

## G-20ની પ્રથમ બેઠકની યજમાની કરવા ગુજરાત સજ્જ

# ગાંધીનગરમાં ૨૨ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન યોજાશે બિઝનેસ-૨૦ ઈન્સેપ્શનની બેઠક

- Gujarat's G20 Connect વિષય પર ૨૩મી જાન્યુઆરી એ વિશેષ સેશનનું આયોજન.
- ગુજરાત સરકારે હાથ ધરેલી કેટલીક વિશેષ પરિવર્તનાત્મક પહેલો અંગે સેશનમાં ચર્ચા-વિચારણા થશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ના દૂરદર્શી નેતૃત્વમાં ભારતને એકવર્ષ માટે જી૨૦ની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ છે.

ગાંધીનગર, ભારતને અદ્યક્ષતા મળી છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત પણ અલગ-અલગ સ્થળોએ કુલ ૧૫ જી૨૦ બેઠકોની યજમાની કરવા માટે તૈયાર છે. ગુજરાતમાં યોજાનારી બેઠકોમાંથી પ્રથમ બેઠક બિઝનેસ-૨૦(B20) ઈન્સેપ્શાનની બેઠક ૨૨ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન ગાંધીનગર ખાતે યોજાશે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર બી-૨૦ ઈન્સેપ્શન મીટીંગ દરમિયાન ૨૩મી જાન્યુઆરીના રોજ સાંજે Gujarat's G20 Connect વિષય પર એક વિશેષ સેશનનું આયોજન કરાયું છે.

આસેશનમાં ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી કેટલીક વિશેષ પરિવર્તનાત્મક પહેલો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ સેશનમાં સૌ-પ્રથમ ગુજરાતનો પરિચય આપતી ફિલ્મનું નિદર્શન કરવામાં આવશે. ત્યાર બાદ રાજ્યના ઉર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત અને TDS લિથિયમ-આયનબેટરી ગુજરાત પ્રાઈવેટ લિમિટેડના મેનેજીંગ ડીરેક્ટર શ્રી હિસાનોરી તાકાશીબા Gujarat: Accelerating Inclusive Growth and Sustainable Development વિષય પર તેમના વિચારો રજૂ કરશે.

આ ઉપરાંત સેશનમાં ઝાઈડસ લાઈફ સાયન્સના ચેરમેન શ્રી પંકજ પટેલ અને અરવિંદ લીમીટેડના એક્ઝીક્યુટી વડીરેક્ટર શ્રી કુલીનલાલભાઈ પણ વિષય સંદર્ભે તેમના વિચારો રજૂ કરશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા એશિયામાં સૌ-પ્રથમવાર શરૂ કરવામાં આવેલો ક્લાઈમેટ ચેન્જનો સ્વતંત્રવિભાગ, મોઢેરા ખાતે શરૂ કરવામાં આવેલો દેશનો સૌપ્રથમ સોલાર પાર્ક, ભારતનું સૌપ્રથમ 24x7 સોલાર પાવર સંચાલિત ગામ-મોઢેરા અને ગ્રીન મેન્યુફેક્ચરીંગને પ્રોત્સાહન આપવા જેવી વિશેષ પહેલો ગુજરાતને ગ્લોબલ વેલ્યુચેઈન સાથે જોડવાનું કામ કરશે. આવિ વિધ વિષયો પર સેશનમાં વિશેષ ચર્ચાઓ કરવામાં આવશે.

G20 भारत 2023 INDIA

B20 भारत 2023 INDIA
R.A.I.S.E Responsible, Accelerated, Innovative, Sustainable and Equitable Businesses



# B20 ઈન્ડિયા 2023 ઈન્સેપ્શન મીટિંગ

*"ઝડપી, સ્થિર અને સર્વસમાવેશક આર્થિક વૃદ્ધિ માટે વિશ્વ આજે ભારત તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે"*

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન, ભારત

*"ભારતના સૌથી વાઈબ્રન્ટ રાજ્યમાં B20 India ના પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યું સ્વાગત છે"*

**શ્રી ભૂપેન્દ્ર પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત



*પ્રેરક ઉપસ્થિતિ*

**શ્રી પીયૂષ ગોયલ**
માનનીય કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને કાપડ મંત્રી

**શ્રી અશ્વિની વૈષ્ણવ**
માનનીય કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કમ્યૂનિકેશન્સ અને રેલવે મંત્રી

**શ્રી અમિતાભ કાન્ત**
ભારતના G20 શેરપા

**23મી જાન્યુઆરી, 2023** | **મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત**

**મુખ્ય મુદ્દાઓ પર ચર્ચાઓ**
**થિમેટિક સેશન્સ**
**500+ પ્રતિનિધિઓ**

**G20 ઈન્ડિયા ઉજવણીમાં જોડાવવાની સુવર્ણ તક.**
G20 ઈન્ડિયા સોશિયલ મીડિયા પેજ અને ગુજરાત માહિતી વિભાગની વેબસાઈટ પર તમારી પ્રતિભાને રજૂ કરવાની તક મેળવો.
નીચેનામાંથી કોઈ એક અથવા દરેકમાં ભાગ લો:

- G20 ઈન્ડિયા લોગો સાથે સેલ્ફી
- રંગોળી સ્પર્ધા
- કવિતા/નિબંધ સ્પર્ધા

*તમારી એન્ટ્રી 23મી જાન્યુઆરી, 2023 સુધીમાં g20gujaratmedia@gmail.com પર સબમિટ કરો.*

**B20 ભારત 2023ના સદસ્યગણ**

Argentina, Australia, Brazil, Canada, China, European Union, France, Germany, India, Indonesia, Italy, Japan, Mexico, Republic of Korea, Russia, Saudi Arabia, South Africa, Türkiye, United Kingdom, United States

g20gujarat g20_gujarat

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગરપાલિકાની બેદરકારી : નગરના મુખ્ય વિસ્તારોમાં અંધારપટ છવાયો



ગોધરા,
ગોધરા મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ગોધરા નગર પાલિકાને અંદાજિત રૂ.૮ કરોડ ઉપરાંત બાકી વીજ બિલ મામલે નોટિસ આપી હતી અને સમય મર્યાદામાં જો વીજ બિલ નહિ ભરવામાં આવે તો વીજ કનેકશન કાપી નાખવાનું અલ્ટીમેટમ પણ આપવામાં આવ્યું હતું.

જેમાં નગર પાલિકા દ્વારા વીજ કંપનીએ આપેલા સમય મર્યાદામાં વીજ બિલ ભરવામાં નહિ આવતા ગોધરા મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ગોધરા શહેરના ચાર વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટના વીજ કનેકશન કાપી નાખવામાં આવ્યા હતા. ત્યારે ઉપરોક્ત વિસ્તારોમાં આવેલા સ્ટ્રીટ લાઈટના વીજ જોડાણ કાપી નાખવામાં આવતા નિયમિત વેરો ભરતાં નાગરિકોએ પાલિકા તેમજ તેના સબંધિત સતાદારોને ભાંડવાનું ચાલુ કર્યું છે.

ગોધરા સ્થિત મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ગોધરા નગર પાલિકાને કેટલાક સમય અગાઉ રૂ.૮ કરોડ ઉપરાંત નાં બાકી વીજ બિલ ને લઈ પાલિકા ને નોટિસ આપવામાં આવી હતી અને વીજ બિલ ભરવા માટે સમય મર્યાદા પણ આપી હતી. તો સાથે સાથે વીજ કંપની એ પાલિકાને અલ્ટીમેટમ પણ આપ્યું હતું કે જો આપેલા સમય મર્યાદામાં વીજ બિલ નહિ ભરવામાં આવે તો શહેરમાં વીજ કનેકશન કાપવાની કાર્યવાહી પણ કરવામાં આવશે. જેનું ચોક્કસ પાલન ગોધરા વીજ કંપનીએ કરતા શનિવાર નાં રોજ ગોધરા નગર પાલિકામાં સમાવિષ્ટ ચાર વિસ્તારો જેમાં સિગ્નલ ફળિયા, વાલી ફળિયા, ભુરાવાવ ચાર રસ્તા, વૃંદાવન નગર વિસ્તાર અને ભગવત નગર વિસ્તારમાં આવેલી સ્ટ્રીટ લાઈટના વીજ જોડાણ કાપી નાખવામાં આવ્યા હતા. જે વિસ્તારની સ્ટ્રીટ લાઈટની વધુ વીજ વપરાશ બિલ બાકી હતું તેવા જોડાણ કાપી નાખવામાં આવ્યા હતા. ત્યારે સ્ટ્રીટ લાઈટનું વીજ જોડાણ કપાતા જે તે વિસ્તારમાં ભારે અંધકાર ભાસી રહ્યો હતો. જેના પરિણામે સ્થાનિક વિસ્તારના નિયમિત વીજ વેરો તેમજ અન્ય વેરા ભરતા નાગરિકો પરેશાન થયા હતા અને નગર પાલિકાનાં સતાદારોને ભાંડવાનું પણ ચાલુ કર્યું હતું. ત્યારે સ્થાનિકો ને ચિંતા સતાવી રહી છે કે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ નહિ હોય અને હાલમાં ઠંડીની સિજન પણ છે એટલે તસ્કરોને ચોરી કરવા માટે મોકળું મેદાન મળી રહેશે. ત્યારે જો જે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટના વીજ કનેકશન કપાયા છે ત્યાં કોઈ તસ્કરોએ મોટી ચોરીને અંજામ આપ્યો તો તે માટે જવાબદાર કોણ???? ત્યારે પોલીસને પણ બાદમાં આ મામલે પરેડ કરવી પડે તો નવાઈ નહિ.

## કાલોલ કોર્ટમાંથી ફરાર થયેલા આરોપીને કાલોલ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો



**ફરાર થયેલો આરોપી તેના ગામની નજીકમાં રાતવાસો કરવા રોકાયા હતો સવારે ત્યાંથી જ ઝડપાયો**

કાલોલ,
કાલોલમાં શનિવારે ગોધરાથી પોલીસ જાપ્તા હેઠળ કોર્ટમાં મુદત ભરવા માટે આવેલા બે આરોપીઓ પૈકીનો એક આરોપી પોલીસ જાપ્તામાંથી છટકીને ફરાર થઈ જવાની ઘટનાએ પોલીસબેડામાં ખળભળાટ મચાવી દીધો હતો જોકે કાલોલ પોલીસે તેને ગણતરીના કલાકોમાં ઝડપી પાડતા પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

ફરાર આરોપી અંગે કાલોલ પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલી વિગતો મુજબ શનિવારે ગોધરા સબ જેલ ખાતેથી કાલોલ કોર્ટના બે કાચા કામના આરોપીઓ નામે પર્વતસિંહ ફતેસિંહ સોલંકી (રહે.કરાડા, જુનુ ફળીયુ, તા.કાલોલ) અને નરૂભાઈ કાળીયાભાઈ પરમાર રહે.ભાનપુર, તા.ધાનપુર, જી.દાહોદ) બન્ને આરોપીઓને હાથકડી પહેરાવીને એક જીઆરડી પીએસઆઇ અને એક મહિલા પોલીસ સહિત ચાર પોલીસ કર્મીઓના જાપ્તામાં કાલોલ કોર્ટમાં મુદત ભરવા માટે સરકારી વાહનમાં લવાયા હતા. જે બન્ને આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને બપોરના બે વાગ્યાના સુમારે કોર્ટમાંથી સરકારી વાહન સુધી પરત ફરતા સમયે વેજલપુર પોલીસ સ્ટેશનનો આરોપી પર્વત સોલંકીએ હાથચાલકીથી પહેરેલી હાથકડીની કડી સરકાવી દઈને જાપ્તામાંથી છટકી જઈને ફરાર થઈ ગયો હતો. આમ જાપ્તાના પોલીસકર્મીઓની બેદરકારીએ એક આરોપી ફરાર થઈ જતાં સમગ્ર જિલ્લા પોલીસતંત્ર હરકતમાં આવ્યું હતું. જેથી રાત્રીના સુમારે જ પોલીસની વિવિધ ટીમો બનાવીને આરોપીને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરતા કાલોલ પોલીસ કર્મીઓની એક ટીમ આરોપીના વતન કરાડા ખાતે પહોંચીને વોચ ગોઠવીને રાતભર તપાસ કરવાને અંતે રવિવારે સવારે આરોપી સીમમાં આવેલા એક ખેતરમાં રાતવાસો કર્યો હોવાની ચોક્કસ બાતમીને આધારે પોલીસ કર્મીઓએ બાતમીના સ્થળેથી આરોપીને ઝડપી લીધો હતો. આમ કાલોલ પોલીસે પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયેલા આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લેતા સમગ્ર તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. જે કોર્ટમાંથી ફરાર થયેલા આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડયો હતો.

## ગોધરા તાલુકાના ગોલી ગામમાં આવેલ સસ્તા અનાજની દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કરાયો

ગોધરા,
ગોધરા તાલુકાના ગોલી ગામે આવેલી વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો જિલ્લા પુરવઠા અધિકારી, પંચમહાલ તેમજ પુરવઠા નિરીક્ષક ગોધરા દ્વારા સંયુક્ત રીતે તપાસ કરતા અનેક ક્ષતિઓ જણાઈ આવતા દુકાનનો પરવાનો આગામી ૯૦ દિવસ માટે મોકૂફ રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત હુકમને પગલે ગેરરીતિ કરતા બાકી અન્ય દુકાનદારોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

ગોધરા તાલુકાના ગોલી ગામના ગ્રામજનો દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ ને રેશનકાર્ડ ધારકોને અનાજ ઓછું આપવા બાબતની રજૂઆત મળી હતી. જે આધારે ગોલી સ્થિત એફ.આઈ. અમીન સંચાલિત સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનની તા.૨૦.૧.૨૦૨૩ના રોજ પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી તેમજ પુરવઠા નિરીક્ષક ગોધરા દ્વારા સંયુક્ત આકસ્મિક તપાસ કરી હતી. જેમાં અનેક ક્ષતિઓ જણાઈ આવી હતી. જેમાં ઈ-એફ.પી.એસ. (ઓનલાઈન ડેશબોર્ડ ફિઝિકલ સ્ટોક) મુજબના જથ્થા અને ભૌતિક જથ્થા ની ખરાઈ કરતા જથ્થા માં વધ ઘટ જણાઈ આવી હતી. જેમાં ઘઉં, ચોખા અને ચણા માં વધ તેમજ ખાંડ, મીઠું અને તુવેરદાળ માં ઘટ જણાઈ આવી હતી. ભાવ જથ્થાનું બોર્ડ અદ્યતન રાખ્યું નથી. જાહેર વિતરણ વ્યવસ્થામાં અનાજના નમૂના નથી રાખવામાં આવ્યા. એન.એફ.એસ.એ. રેશનકાર્ડની યાદી દુકાનમાં જોઈ શકાય તેમ ના હતી, તોલમાપ પ્રમાણપત્ર તેમજ વજન કાંટા, દુકાનનું લાયસન્સ, અધિકારપત્ર, ઓળખપત્ર અને કરારનામુ રાખવામાં આવ્યું નથી. ફરિયાદ પેટી પણ રાખવામાં આવી નથી, અને સ્ટોક પત્રક, વેચાણ પત્રક અને ગોડાઉન બુક અદ્યતન નિભાવીનાં હોવાની અનેક ક્ષતિઓ જણાઈ આવી હતી. જે તમામ ગંભીર બાબતો ધ્યાન ઉપર આવતા જિલ્લા પુરવઠા અધિકારીએ સરકારના નીતિ નિયમો તેમજ રેશનકાર્ડ ધારકોની જાહેર હિતને ધ્યાનમાં રાખી ગોધરા તાલુકાના ગોલી ગામ ખાતે આવેલી એફ.આઈ. અમીન સંચાલિત સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો આગામી ૯૦ દિવસ માટે મોકૂફ રાખવાનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો. જિલ્લા પુરવઠા અધિકારીના ઉપરોક્ત હુકમના પગલે ગેરરીતિ આચરતા અન્ય દુકાનદારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

## નિરંકારી સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજનું ગોધરામાં ભવ્ય આગમન



ગોધરા,
સંત નિરંકારી મિશનના વડા સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજપિતાનું ગોધરામાં આગમન થયેલ છે.તેમની પાવન છત્રછાયામાં તા.૨૩-૦૧-૨૦૨૩ના રોજ ૧૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન લુણાવાડા રોડ, પંચમહાલ ડેરીની નજીક વિશાળ સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં સહભાગી થઈ સંતવાણી તથા ગુરૂવચનામૃતનો લાભ લેવા તમામ ધર્મપ્રેમીઓને જાહેર આમંત્રણ આપવામાં આવે છે. સંત નિરંકારી મંડળ, ગોધરાના સંયોજક પ.પૂ.વિદ્યાબહેનજીએ જણાવ્યું છે કે સત્સંગ સમારોહમાં પધારનાર તમામ પ્રભુપ્રેમીઓ માટે પ્રેરણાદાયક પ્રદર્શની, ધાર્મિક પુસ્તકોનો સ્ટોલ, ચા-નાસ્તા તથા સુંદર ભોજન વ્યવસ્થા, પ્રભુદર્શન કરવા ઈચ્છતા જીજ્ઞાસુઓ માટે બ્રહ્મજ્ઞાન-કક્ષ તથા અન્ય તમામ સુખ સુવિધાઓ માટેની તૈયારીઓ સેવાદળના મહાત્માઓ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. કાર્યક્રમમાં વિદ્વાન સંતો આધ્યાત્મિક વિચારો, ભજન, કવિતાઓ દ્વારા પોતાના ભાવ વ્યક્ત કરશે. સમગ્ર ગુજરાતમાં ગોધરા તથા સૂરત આમ બે સ્થળોએ જ સંત સંમેલન યોજવામાં આવ્યું છે.

## ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર જ્ઞાન વધે તે માટે ISTD કોમ્પ્યુટર સેટની દ્વારા ભેટ અપાઈ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાની દુધાપુરા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં કોમ્પ્યુટર જ્ઞાન વિકસે, ટેકનોલોજીનો વિકાસ થાય, નવીન શિક્ષણ નીતિના જ્ઞાનનો ઉદય થાય, તથા ગામડા અને શહેરોના શિક્ષણમાં જે અંતર વધ્યું છે તે સરખું બને તેવા હેતુથી આઈએએસટીડી ગ્રુપ વડોદરા ચેપ્ટર તરફથી આજે આ વિદ્યાર્થીઓને નવીન કોમ્પ્યુટર સેટ નંગ-૧ વિના મૂલ્ય અર્પણ કરવામાં આવ્યો છે. હાલોલ કે વડોદરા થી આ શાળા ગામડામાં ખૂબ જ ઊંડાણ વિસ્તારમાં છે અને બાળકો ઈન્ટરનેટ અને શિક્ષણના વિવિધ સોફ્ટવેર થકી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકશે. હાલમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના સમયમાં દુનિયાનો વિકાસ ડગલેને પગલે આગળ વધી રહ્યો છે, ત્યારે ગામડાના બાળકોનો શિક્ષણ પણ ટેકનોલોજીને આભારી છે. જેથી આ બાળકો અભ્યાસ, રમતો, સાંસ્કૃતિક વારસો, રાષ્ટ્ર સમર્પણના સિદ્ધાંતો અને દેશ વિદેશના શિક્ષણના નવા અભિગમો દ્વારા ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરે તેવા શુભ આશયથી કોમ્પ્યુટર સેટ ભેટ આપવામાં આવ્યો છે.

આઈ.સી.ટી.ના ધ્યેય ની સફળતા માટે અને ઉચ્ચ અને ગુણવત્તાલક્ષી અધ્યયન પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી સદર કમ્પ્યુટર સેટ ભેટ વિતરણ સમારંભમાં આઈ.એસ.ટી.ડી.ના ચેરમેન દિલીપભાઈ દેસાઈ, એચ. એમ. દેસાઈ, સતિષભાઈ સુતરીયા તથા ટેકનિકલ સ્નેહલભાઈ ગોહિલ એસ.એમ.સી.ના અધ્યક્ષ શકુંતલાબેન પરમાર, એસએમસીના સભ્યો રવિન્દ્રભાઈ પરમાર, ટ્રાન્સપોર્ટેશન વાહનચાલકો તથા વાલીઓ અને શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સર્વે મહાનુભાવો એ જણાવ્યું હતું કે આજના સમયમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ શિક્ષણ મેળવી અને આ રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી બનવું પડશે.

સમાજમાં વિવિધ ક્ષેત્રમાં સેવા કરનાર શિક્ષક રાજેશકુમાર પટેલ દ્વારા આ બાળકોને શૈક્ષણિક અને ટેકનિકલ તથા ટેક્નોલોજીના માધ્યમથી શિક્ષણ મળે તેવા અવિરત પણે પ્રયત્નો કરવામાં આવ્યા છે. અને દાતાઓનો તેઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

## ગોધરા નગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૧૦માં ખોદાયેલ ખાદા છેલ્લા કેટલાય મહીનાથી ન પુરાતા રહીશોમાં રોષ



ગોધરા,
ગોધરા નગર પાલિકાનાં વોર્ડ ૧૦માં પાલિકા દ્વારા પાણીની પાઈપ લાઈનની રીપેરીંગની કામગીરી કરવામાં આવ્યા બાદ કેટલાય દિવસો વીતવા છતાં ખાડા પૂરવામાં નહિ આવતા સ્થાનિકોને હાલાકી ભોગવવી પડી રહી છે.

ગોધરા નગર પાલિકાના વોર્ડ ૧૦ માં ગોન્દ્રા વિસ્તારમાં આવેલી મન્સૂરી સોસાયટી સુબ્હાની મસ્જિદ આગળ પાણીની પાઈપ તૂટી ગઈ હોય તે મામલે પાલિકા દ્વારા રીપેરીંગની કામગીરી કરવામાં આવી પરંતુ કામગીરી પૂર્ણ થયા બાદ ખાડા પુરવામાં આવતા નથી. અહી સ્થાનિક વિસ્તારમાં ધાર્મિક સ્થાન આવેલું હોય ત્યારે સ્થાનિક રહીશો દ્વારા આ મામલે માંગ ઉઠવા પામી છે કે પાલિકા દ્વારા આ ખાડા તુરંત પુરવામાં આવે. તદ્ઉપરાંત આ જ માર્ગ ઉપર મોટા ભાગની સરકારી કચેરીઓ આવેલી છે જ્યાંથી સ્થાનિકો તેમજ રાહદારીઓ અવર જવર કરે છે. ત્યારે દિવસે તો ઠીક પણ રાત્રીના સમયગાળા દરમિયાન અંધકાર હોવાના કારણે સ્થાનિકોને અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે.આ મામલે નગર પાલિકાને વારંવાર કહેવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવા આવી નથી. માટે રહીશોમાં રોષની લાગણી વ્યાપી છે.

## ધાનપુરમાં બાળક અપહરણ કેસ

## હોસ્પિટલના CCTV શોભાના ગાંઠીયા સમાન CCTV બંધ હોવાના કારણે અપહરણ કરતા ના કોઈ પુરાવા ના મળ્યા






**- ધાનપુર તાલુકા મથકે આવેલ રેફરલ હોસ્પિટલમાંથી એક અજાણી મહિલા ખોયામા સુતેલું એક માસનુ બાળક લઈ ફરાર.**
**- બનાવની જાણ પોલીસને કરતા જિલ્લાની તમામ પોલીસ ઘટના સ્થળે : પોલીસે બાળકની માતાની ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી.**

ધાનપુર,
ધાનપુર તાલુકાના સુરપુર ગામની ૩૨ વર્ષીય મહિલા કુટુંબ નિયોજનનો ઓપરેશન કરાવવા આવતા એક માસના બાળક સહિત અન્ય બાર વર્ષના પુત્રને લઈને આવેલી બપોર નાં સમયે હોસ્પીટલના પાછળનાં ભાગે ખોયામાં મુકેલ બાળકને અજાણી મહીલા લઈ ફરાર પોલીસે તપાસ હાથ ધરી છે.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સુરપુર ગામની રેખાબેન શૈલેષકુમાર તાહેડ રહે નિશાળ ફળિયાની જે આજરોજ તેના એક માસના પુત્ર સહિત અન્ય ૧૨ વર્ષીય પુત્રને લઈ ધાનપુર તાલુકા મથકે આવેલ રેફરલ હોસ્પિટલમાં કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવવા માટે આવી હતી ત્યારે આ એક માસના બાળકને હોસ્પિટલના પાછળના ભાગે આવેલ ગેટ તેમજ હોસ્પિટલની બારીના ભાગે દોરડુ બાંધી ખોયું બનાવી તેમા એક માસના બાળકને સુવડાવી તેના બાર વર્ષે ભાઈને દેખરેખ માટે મૂકી આ રેખાબેન હોસ્પિટલમાં કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવવા માટે ગઈ હતી. તે વખતે બપોરના સમયે આ એક માસનું બાળક રડતું હોય ત્યારે એક અંદાજે ૩૫ થી ૪૦ વર્ષીય અજાણી અજાણી મહિલા આવી આ એક માસના રડતા બાળકને ધાવણ આપવાનું હોય તેમ કહી તે બાળકને લઈ જતી રહેલ તે પછી મોડા સુધી આ બાળકને લઈ પરત ના આવતા તેના બાર વર્ષના ભાઈએ આસપાસમાં તપાસ કરતાં તેમજ તેની માતા જેનું ઓપરેશન થયું હતું ત્યાં જઈને તપાસ કરતા આ એક માસનું બાળક મળી આવેલ નહીં જેને લઈ આ બાબતે હોસ્પિટલમાં હાજર લોકોને પૂછપરછ કરતા આ બાળક હોસ્પિટલમાંના હોવાનું અને તેનું અપરણ થયું હોય તેમ જણાય આવતા બાળકના અન્ય પરિવારજનોને આ બાબતે જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા ત્યારે આ બનાવની જાણ સ્થાનિક પોલીસને કરતા સ્થાનિક પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી બનાવની ગંભીરતાને લઈ સ્થાનિક પોલીસે ઉચ્ચ સ્તરે આ બાબતની જાણ કરતા ઉચ્ચ અધિકારીઓ પર ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી ત્યારે પોલીસે આ અપહરણ થયેલા એક માસના બાળકની માતા રેખાબેન શૈલેષકુમાર તાહેડ ની ફરીયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધરા-દાહોદ રોડ પરથી LCB દ્વારા વિદેશી દારૂનો જથ્થો પકડ્યો

ગોધરા,
ગોધરા એલ.સી.બી. પોલીસે ગોધરા દાહોદ રોડ ઉપર આવેલા એક હોસ્પિટલ પાસેથી કારમાંથી વિદેશી દારૂ ની ૧૦૦૮ બોટલ જેની કુલ કિંમત રૂ.૨,૨૭,૬૪૦, મોબાઈલ ફોન અને કાર મળી કુલ રૂ.૪,૩૭,૬૪૦ નાં મુદ્દામાલ સાથે એક ખેપિયાને ઝડપી પાડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ગોધરા એલ.સી.બી. પોલીસને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે ગોધરા દાહોદ રોડ ઉપર આવેલા એક હોસ્પિટલ પાસે સ્વિફ્ટ કારનો ચાલક તેની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ઊભો રહ્યો છે. ત્યારે પોલીસે બાતમી વાળા સ્થળ ઉપર જઈ તપાસ કરતા બાતમી વર્ણન મુજબની કારનો ચાલક મળી આવ્યો હતો. જેમાં કારની તપાસ કરતા વિદેશી દારૂની ૧૦૦૮ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ.૨,૨૭,૬૪૦ થવા પામી છે. પોલીસે આ કાર્યવાહી દરમિયાન મોબાઈલ ફોન તેમજ કાર ને પણ કબ્જે કરી હતી. પોલીસે કુલ રૂ.૪,૩૭,૬૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને આ ગુન્હામાં કાર ચાલક ડાલચંદ લચ્છીરામજી ડાંગીની ધરપકડ કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.130